# દ્વારકાધિશની ચરણપાદુકાની પૂજા કરી રાજભોગનાં દર્શન કર્યા મુખ્યમંત્રીએ



ગાંધીનગર, તા. ૨૪

સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના જગતમંદિર ખાતે આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભગવાન દ્વારકાધીશના ચરણમાં શીશ નમાવ્યું હતું. મુખ્યમંત્રીએ દ્વારકાધીશની ચરણપાદુકાની પૂજા અને રાજભોગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગુજરાતમાં આગામી ચોમાસામાં વરૂણદેવ મન મુકીને વરસે તેવી ભગવાન દ્વારકાધિશને પ્રાર્થના મુખ્યમંત્રીએ કરી હતી. તેમજ મુખ્યમંત્રીએ મંદિરના પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓનું પણ અભિવાદન ઝીલ્યું હતું.

આ પ્રસંગે રાજયમંત્રી અને દેવભૂમિ દ્વારકાના પ્રભારી મંત્રી વાસણભાઈ આહિર, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક, તાલુકા પંચાયત પ્રમુખ હેમંતભાઈ સુમણીયા, નગરપાલિકા પ્રમુખ જીતુભાઈ માણેક, અગ્રણી સર્વ કાળુભાઈ ચાવડા, નીલાબેન ઉપાધ્યાય, મનીષાબેન ત્રિવેદી, નયનાબા રાણા, નગરપાલિકા સદસ્ય નીતાબેન ઠાકર, જિલ્લા પંચાયત સદસ્યો, કલેકટર જે.આર. ડોડીયા, જિલ્લા પોલીસ વડા રોહન આનંદ, જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, મંદિરના ઉપાધ્યક્ષ ધનરાજ નથવાણી વગેરે ઉપસ્થિત રહયા હતા.

# અમદાવાદમાં નકલી ચલણી નોટો સાથે પાલનપુરના ૨ યુવકો ઝડપાયા

પાલનપુર, તા.૨૪

અમદાવાદમાં નકલી ચલણીનોટ સાથે બે શખ્સ ઝડપાયા છે. બંને પાસેથી ૫૦૦ રૂપિયાના દરની ૭૦૦ તેમજ ૧૦૦ના દરની ૧૧૦૦ નકલી ચલણી નોટ કબ્જે કરી છે. બંને શાતિર શખ્સો આ બનાવટી નોટ શાકમાર્કેટમાં વટાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ગીતા મંદીર નજીકથી આ બંને શખ્સો ઝડપાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ક્રાઈમ બ્રાંચની એસઓજીને મળેલી બાતમીના આધારે આજે ગીતા મંદિર ખાતે પોલીસે બે આરોપીઓની નકલી ચલણી નોટ સાથે ધરપકડ કરી લીધી છે. આ બંને પાસેથી પોલીસે ૫૦૦ રૂપિયાના દરની ૭૦૦ તેમજ ૧૦૦ના દરની ૧૧૦૦ નકલી ચલણી નોટ મળીને કુલ ૪,૬૦,૦૦૦ની નકલી ચલણી નોટ ઝડપી પાડી છે.

પોલીસ પુછપરછમાં આરોપીની ઓળખ ઝુનેદ ઉર્ફે સોનુ (ઉ.વ. ૨૬, રહે. રાણીબાગ સોસાયટી, રાજગઢી, પાલનપુર, જિલ બનાસકાંઠા) અને વિરાટ ઉર્ફે ધીરજભાઈ રાવલ (ઉ.વ. ૩૭, રહે. હિમાલય બંગ્લોઝ હનુમાન, ટેકરી ચાર રસ્તા આબુ હાઈવે, પાલપુર, જિ. બનાસકાંઠા) તરીકે થઈ છે.

પોલીસ પુછપરછમાં આરોપીઓએ જણાવ્યું કે પોતે કાપડનો ધંધો કરે છે અને તેમાં દેવું થઈ જતા બનાવટી નોટો છાપવાનું શરૂ કરી દીધું. વધુ પુછપરછમાં તેમણે જણાવ્યું કે અગાઉ રૂપિયા ૨૦૦૦ના દરની અઢી લાખ નોટ છાપી હતી પરંતુ કલર કોમ્બીનેશન મેચ ન થતા તેનો નાશ કરી નાખ્યો હતો. ગુજરાત બનાવટી નોટ કબજે કરવાના મામલે દેશમાં પ્રથમ નોટબંધીના ગાળા બાદ પ્રથમ વર્ષમાં બનાવટી નોટ કબજે કરવાના મામલામાં ગુજરાત દેશમાં સૌથી આગળ હોવાની વિગત સપાટી ઉપર આવી છે. જાન્યુઆરી ૨૦૧૭થી લઈને ફેબ્રુઆરી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં મોટી માત્રામાં બનાવટી નોટ કબજે કરવામાં આવી છે.જાન્યુઆરી ૨૦૧૭થી ફેબ્રુઆરી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં ગુજરાતમાં ૨.૩૧ કરોડની બનાવટી નવી નોટો કબજે કરવામાં આવી ચુકી છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ રાજ્યમાં બનાવટી ચલણી નોટો સાથે કેટલાકની ધરપકડ કરવામાં આવી હતી ત્યારે આજરોજ ફરીવાર ૨ શખ્સો કેટલીક બનાવટી નોટ લઈને ઝડપાતા પોલીસ બેડામાં તપાસનો ધમધમાટ શરૂ થયો હતો.

## તત્વ ઈજનેરી કોલેજ ખાતે
# ઈજનેરી વિદ્યાશાખાના ફાઈનલ ઈયરના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



મોડાસા, તા. ૨૪

તાજેતરમાં તત્વ ઈજનેરી કોલેજ, મોડાસા ખાતે બી.ઈ. (સિવીલ) ઈજનેરી વિદ્યાશાખાના ફાઈનલ ઈયરના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ વિદાય સમારંભનું સફળતાપૂર્વકનું આયોજન સિવિલ ઈઝનેરી શાખાના વડા પ્રો. યુનુસ ઝાઝ અને સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં સંસ્થાના કેમ્પસ ડાયરેકટર પ્રો. જયદત્તસિંહ પુવાર, આચાર્ય ડૉ. મોહિત દિવાન તેમજ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વિદાય સમારંભમાં સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. જયદત્તસિંહ પુવાર અને સ્ટાફમિત્રો દ્વારા વિદ્યાર્થીઓને તેમના ભવિષ્યની કારકિર્દી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. સાથે સાથે આવા સન્માનીય વિદાય સમારંભ માટે તમામ વિદ્યાર્થીઓએ તત્વ ઈજનેરી કોલેજ તેમજ સ્ટાફમિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હિંમતનગરમાં પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું



હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગર ખાતે ગુરુવારેના રોજ દેશભરમાં વધી રહેલ મોઘવારીને લઈને કોંગ્રેસ ધ્વારા ડીઝલ રીક્ષામાં પેટ્રોલની બાઈક મૂકી રેલી યોજી વિરોધ દર્શાવ્યો હતો.સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ખાતે આજે જીલ્લા કોંગ્રેસ કાર્યાલયથી જીલ્લાના કોંગ્રેસના કાર્યકરોએ પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો અને મોઘવારી ને લઈને રેલી સ્વરૂપે નીકળ્યા હતા અને ટાવર ચોક બાદ સિવિલ સર્કલે સુત્રોચ્ચાર કરતા પહોચ્યા હતા તો વિરોધ કરવા નીકળેલી કોંગ્રેસના મુઠ્ઠીભર કાર્યકરો જ નજરે પડ્યા હતા.રેલી દરમિયાન ભાજપ વિરોધ સુત્રોચ્ચાર કાર્ય હતા તો વિરોધ પણ કેવો ડીઝલ ની રીક્ષામાં પેટ્રોલની બાઈક લઈને પેટ્રોલ ડીઝલનો ભાવ વધારાનો વિરોધ કર્યો હતો.બીજી તરફ પેટ્રોલ ડીઝલમાં ભાવ વધો ઓછો નહિ થયા ઉપરાંત મોઘવારીને નિયંત્રણ નહિ કરે સરકાર તો અગામી દિવસમાં ઉગ્ર વિરોધ કરવામાં આવશે તેવી ચીમકી પણ કોંગ્રેસ ધ્વારા આપવામાં આવી હતી.

# હિંમતનગર ખાતે જિલ્લા ભાજપના પદાધિકારીઓની બેઠક યોજાઈ



હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર ખાતે ગુરુવારે સાંજે જીલ્લા ભાજપના પદાધિકારીઓ,પાલિકા પ્રમુખ અને ધારાસભ્ય સાથે મોદી સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના છે ત્યારે તેમના કરેલા કાર્યો પ્રજા સુધી પહોચાડવા માટેની બેઠક પ્રદેશ ભાજપના પ્રમુખ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. હિમતનગરમાં આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી અંતર્ગત ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ. આગામી લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગ રૂપે ગુરુવારે હિંમતનગર સહિત જિલ્લાના કાર્યકરોને મોદી સરકારે ચાર વર્ષમાં કરેલા વિકાસના કામોને ગામડા સુધી પહોંચાડવાના ભાગ રૂપે પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી અધ્યક્ષતા બેઠક યોજાઈ હતી. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે બંને પક્ષો પ્રજાને પોતાના તરફ આકર્ષવા કામે લાગી ગયા છે ત્યારે આજે ૧૨ માં સાબરકાંઠા જીલ્લાના પ્રવાસે હિમતનગર ખાતે જિલ્લા ભાજપના અલગ અલગ મોરચાના, તાલુકા પ્રુમખ, મહામંત્રી, પાલિકા અને તાલુકા પંચાયતના પ્રમુખ અને ત્રણ વિધાનસભાના ધારાસભ્યો સહીતના હોદ્દેદારો સાથે યોજાયેલી બેઠકમાં મહેસાણાથી પ્રદેશ ભાજપ પ્રમુખ હિમતનગર આવી પહોંચ્યા હતા.તેમનું સ્વાગત કરાયું હતું.બેઠકમાં કેન્દ્રની ભાજપ સરકારની ચાર વર્ષ પૂર્ણ થાય છે અને તે દરમિયાન કરેલ વિકાસની વાતો અને મહત્વના નિર્ણયોને છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટે પ્રદેશ પ્રમુખે કાર્યકરોને આહવાન કર્યું હતું અને ઉપસ્થિત હોદ્દેદારોને માર્ગદર્શન આપ્યું હતું. હિંમતનગર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણીએ પદાધીકારીઓ અને પક્ષના જીલ્લા સંગઠનની બેઠક લીધી હતી જેમાં વાઘાણી એ કહ્યું મોંઘવારી ના જુદા જુદા સેગમેન્ટ હોય છે જેની પર સરકાર કામ કરી રહી છે સમગ્ર સરકાર આ મુદ્દે ચીંચિત છે અને પ્રજાનું હિત જળવાઈ રહે એ પ્રકારના નિર્ણય લેવામાં આવશે. કોંગ્રેસ નો વિરોધ એમ લાગે છે તેમને આઈના માં જોઈ લેવાની જરૂર છે તેમના શાસનમાં દેશ ક્યાં હતો અને હાલ દેશ ક્યાં છે ભાવ સંદર્ભે કેન્દ્ર સરકાર અને કેન્દ્રિય પ્રધાન સને સરકાર પેટ્રોલ ડીઝલના ભાવને લઈને ચિંતિત છે પણ નેશનલ પોલીસી છે એ પ્રમાણે લોકોને ઓચમાં ઓછો માર પડે એ પ્રકારની રચના કેન્દ્ર સરકાર ધ્વારા થવા જઈ રહી છે

# ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ વિજયકુમાર ગુપ્તાનું દુઃખદ નિધન

## અંબુજા એક્સપોર્ટસ લિમિટેડના પ્રણેતા, ચેરમેન અને ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિએ ૨૩મીએ વિદાય લીધી

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતના અંબુજા એક્સપોર્ટસ લિમિટેડના પ્રણેતા, ચેરમેન અને ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ વિજયકુમાર ગુપ્તાનું તા. ૨૩-૫-૨૦૧૮ના રોજ ટુંકી બિમારી બાદ અવસાન થયેલ છે.

વિજયકુમાર ગુપ્તાનો જન્મ રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના સાગરીયા શહેરમાં સન. ૧૯૪૯માં થયેલ હતો. ત્યારબાદ માતા-પિતા સાથે પટના બિહારમાં પાટલીપુત્ર કોલોનીમાં તેમની ઉછેર થયેલ. તેમણે બી.ડી.એસ.માં સ્નાતક થયેલા હતા. તેમના સાહસિક સ્વભાવ અને વેપાર પ્રત્યેની રૂચી એ તેમને ગુજરાતમાં સ્થાયી થવાની પ્રેરણા આપી અને તેઓ કુટુંબ સાથે સન ૧૯૮૪માં અમદાવાદમાં આવ્યા. ત્યારબાદ નજીવી મુડીથી તેમને ટેક્ષટાઈલ પ્રોસેસીંગનો ધંધો ચાલુ કર્યો. પરંતુ તેમનું વિઝન એગ્રી પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરવાનું હોવાથી ૧૯૮૬માં કડી ખાતે પ્રથમ ઓઈલ મીલની સ્થાપના કરી. ત્યારબાદ સમયના અનેક પડકારો અને અડચણ તેમના ધર્મપત્ની શ્રીમતી સુલોચનાબેન ગુપ્તાના અથાગ સહકારથી પાર કરી ધંધાના વિકાસ અને પ્રગતી માટે તેમને જીવન સમર્પિત કર્યું.

## કંપની સમાચાર

# સોરિચ ફોઈલ્સ લિમિટેડનો કેપિટલ માર્કેટમાં પ્રવેશ

સોરિચ ફોઈલ્સ લિમિટેડ વર્ષ ૨૦૧૧માં સ્થાપવામાં આવી અને તે વિવિધ પ્રકારના બ્લિસ્ટર માટે એલ્યૂમીનિમ ફોઈલ, સ્ટ્રીપ ફોઈલ, કોલ્ડ ફોર્મિંગ કોઈલ, બ્લિસ્ટર માટે કોટેડ ગ્લાસીન પેપર, સ્ટ્રીપ પેક માટે લેમિનેટેડ ગ્લાસીન પેપર, ચાઈલ્ડ રેઝિસ્ટન્ટ (સીઆર) ફોઈલ, એલ્યૂમીનિમ લિડ ફોઈલ, ટ્રિપલ લેમિનેટ, ફલેક્સિબલ પેકેજીંગના ઉત્પાદન અને વેચાણના વ્યવસાયમાં છે. આ બધા ઉત્પાદનો વ્યાપકપણે ફાર્માસ્યુટિકલ (ઔષધીય) ઉદ્યોગ, એફએમસીજી (ફાસ્ટ મુવિંગ કન્સૂમર ગુડ્સ) પેકેજિંગ, ફૂડ એન્ડ ડેરી ઉદ્યોગો, કન્ફેક્શનરી/ ચોકલેટ ઉદ્યોગો અને પર્સનલ કેર પેકેજિંગ જેવા વિવિધ ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાય છે. કંપની ISO 9001: 2015 પ્રમાણિત કંપની છે અને બીએસસીસી સર્ટિફિકેટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને IVM ઈન્સ્ટિટ્યુટ, જર્મની તરફથી પણ વિવિધ ગુણવત્તા પ્રમાણપત્રો સાથે માન્યતા પ્રાપ્ત કરી છે. કંપનીને પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિક, ચંદ્રહાસ કોટિયન દ્વારા પ્રમોટ કરવામાં આવે છે, જે ફોઈલ પેકેજિંગ ઉદ્યોગમાં લગભગ બે દાયકાનો અનુભવ ધરાવે છે. કંપનીની ઉત્પાદન સુવિધા હાલમાં ઉમરગાંવ, વલસાડ ખાતે સ્થિત છે.

# જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડનો એનસીડી ઈશ્યૂ ૨૮મીએ ખુલશે

જેએમ ફાઈનાન્શિયલ ગ્રુપની એનબીએફસી કંપની જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડ (“કંપની”) રિયલ એસ્ટેટ ડેવલપર્સને સંપૂર્ણ નાણાંકીય સોલ્યુશન પ્રદાન કરે છે, જેનો પબ્લિક ઈશ્યૂ ૨૮ મે, ૨૦૧૮નાં રોજ ખુલશે. આ સીક્યોર્ડ, રેટેડ, લિસ્ટેડ, રિડીમેબલ, નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (“એનસીડી”) ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૩૦૦ કરોડ છે, જેના દરેક ડિબેન્ચરની ફેસ વેલ્યુ રૂ. ૧,૦૦૦ (“સીક્યોર્ડ એનસીડી”) છે. આ એનસીડીમાં રૂ. ૪૫૦ કરોડ સુધીનું ઓવર સબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ છે, જેથી કુલ ઈશ્યૂ રૂ. ૭૫૦ કરોડ (“ટ્રેન્ચ”)નો છે, જેની શેલ્ફ લિમિટ રૂ. ૨,૦૦૦ કરોડની અંદર છે.

ઈશ્યૂ ૨૦ જૂન ૨૦૧૮નાં રોજ બંધ થશે, જેમાં કંપનીનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (“બોર્ડ”) કે એનસીડી પબ્લિક ઈશ્યૂ કમિટીનાં નિર્ણય મુજબ વહેલાસર ક્લોઝર કે ઈશ્યૂને લંબાવવાનો વિકલ્પ છે.

ઈક્રા અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા રેટિંગ્સ સુરક્ષાની ‘ઊંચી સલામતી’નો સંકેત આપે છે. ટ્રેન્ચ ઈશ્યૂ હેઠળ થનાર સીક્યોર્ડ એનસીડી તેનાં ૨૭ એપ્રિલ, ૨૦૧૮નાં પત્ર મુજબ રૂ. ૨,૦૦૦ કરોડ સુધીની રકમ માટે ઈક્રા દ્વારા (ICRA) AA/Stable રેટિંગ મળ્યું છે અને તેને ૧૧, ૨૦૧૮નાં પત્ર દ્વારા વધારે પૃષ્ટિ આપવામાં આવી છે. તથા ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા તારીખ ૨૭ એપ્રિલ, ૨૦૧૮નાં પત્ર મુજબ રૂ. ૨૦૦૦ કરોડની રકમ માટે IND AA/Stable રેટિંગ મળ્યું છે, જેને ૧૦ મે. ૨૦૧૮નાં પત્ર દ્વારા સુપરસીડ કરવામાં આવ્યું છે. ઈક્રા અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા સીક્યોર્ડ એનસીડીનું રેટિંગ નાણાંકીય જવાબદારીઓ સમયસર અદા કરવાના સંબંધમાં ઊંચી સુરક્ષાનો સંકેત આપે છે.

જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડનાં સીઈઓ શાશ્વત બેલાપુરકરે કહ્યું હતું કે, “જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડનાં એનસીડીનો પબ્લિક ઈશ્યૂ જેએમ ફાઈનાન્શિયલ ગ્રુપનો પ્રથમ ઈશ્યૂ છે, જે માન્યતા પ્રાપ્ત અને ભરોસાપ્રાપ્ત બ્રાન્ડ સાથે સ્થાપિત નાણાકીય સેવા પ્રદાન કરતું ગ્રુપ છે.

## આસમાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

કિંમતને કાબૂમાં લેવા લાંબાગાળાની યોજના પર કામ ચાલી રહ્યું છે. એડહોક પગલા લેવાના બદલે નવી ફોર્મ્યુલા તૈયાર કરીને આગામી ત્રણથી ચાર દિવસમાં કિંમતોમાં ધરખમ ઘટાડો કરવામાં આવશે. નવેમ્બર ૨૦૧૪ અને જાન્યુઆરી ૨૦૧૬ વચ્ચેના ગાળામાં એક્સાઈઝ ડ્યુટી નવ વખત વધારવામાં આવી હતી. આવી જ રીતે સરકારે ગયા વર્ષે ઓક્ટોબરમાં માત્ર એક વખત ટેક્સમાં ઘટાડો કર્યો હતો. આવી જ રીતે એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાના મામલામાં કેન્દ્ર સરકારે વેટ ઘટાડવા માટે રાજ્યોને કહ્યું છે. મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશ જેવા ચાર રાજ્યોમાં રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એકંદરે પેટ્રોલ ઉપર ડ્યુટી રેટ ૧૧.૭૭ સુધી વધારવામાં આવ્યો છે જ્યારે ડીઝલ પર ૧૫ મહિનામાં લીટરદીઠ ૧૩.૪૭નો વધારો ડ્યુટી પર કરવામાં આવ્યો છે જેના પરિણામ સ્વરુપે સરકારની એક્સાઈઝમાં જંગી આવક થઈ છે. મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે છેલ્લા જૂનમાં દર પખવાડિયે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સુધારાની ૧૫ વર્ષ જુની વ્યવસ્થાને ખતમ કરી દીધી હતી અને આંતરરાષ્ટ્રીય બજારની કિંમતો મુજબ નિર્ણય લેવા માટે પેટ્રોલિયમ કંપનીઓને કહ્યું હતું.

## ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે જોડાયેલા ગામોમાં અને સરહદી ચોકી ઉપર મોર્ટારથી હુમલો કર્યો હતો. ત્યારબાદ ગોળીબાર કર્યો હતો. સાંબામાં સવારે નવ વાગ્યાથી ગોળીબારની શરૂઆત થયા બાદ બે લોકોના મોત થઈ ગયા હતા. પાકિસ્તાની રેન્જરોએ કઠુઆ જિલ્લામાં આવાસ વિસ્તારોમાં તથા ચોકી પર ગોળીબાર કર્યો હતો. હિરાનગર સેક્ટરમાં ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. સરહદ પર રહેતા લોકોને બુલેટપ્રુફ વાહનોથી ત્યાંથી કાઢવામાં આવ્યા હતા. જમ્મુ જિલ્લાના આરએસપુરા, અરણિયા, રામગઢ અને સાંબા સેક્ટરમાં ગોળીબાર જારી રહ્યો છે. મંગળવારના દિવસે પાકિસ્તાની ગોળીબારમાં એક આઠ મહિનાના બાળકનું મોત થયું હતું. આંતરરાષ્ટ્રીય સરહદના આરએસપુરા, અરણિયા, રામગઢ અને અન્ય ક્ષેત્રોમાંથી હજારો લોકો સ્થળાંતર કરી ગયા છે. જેના કારણે સરહદી વિસ્તારોમાં રહેતા લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. પાકિસ્તાની સેનાએ ફરી એકવાર રંગ બતાવવાની શરૂઆત કરી દીધી છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાન દ્વારા જોરદાર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેના કારણે મોટી સંખ્યામાં લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડી દેવામાં આવ્યા છે. પાકિસ્તાને પોતાની હરકતો જારી રાખીને રવિવાર બાદથી ગોળીબાર જારી રાખ્યો છે. રવિવાર, સોમવાર અને મંગળવાર, બુધવાર અને આજે ગુરૂવારે પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો હતો. જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર પાકિસ્તાન તરફથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે.

## ફિટનેસ ચેલેન્જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંત માહિતી અને પ્રસારણ પ્રધાને બોલિવુડ સ્ટાર રિતિક રોશન અને બેડમિન્ટન સ્ટાર સાઈના નહેવાલને ટેગ કર્યો હતો. વિરાટ કોહલી જે હાલના સમયમાં દુનિયાના સારા ખેલાડીઓમાં સ્થાન ધરાવે છે.

વિરાટ કોહલીએ વિડિયોની શરૂઆતમાં કહ્યુ છે કે મિસ્ટર રાઠોડના ચેલેન્જને તેઓ સ્વીકાર કરે છે. સાથે સાથે પોતાની ફેવરીટ કસરત કરે છે. કોહલીએ આ ગાળા દરમિયાન ૨૦ સ્પાઈડર પ્લૈન્ક કર્યા હતા. ત્યારબાદ કોહલીએ કહ્યુ છે કે તે પોતાની પત્નિ અનુષ્કા શર્મા, અમારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ધોનીને આના માટે ચેલેન્જ કરે છે.

## એલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મૃતદેહ મળ્યા છે. એક સાથે લગભગ ૨૦ ચામાચિડીયાના મૃતદેહ મળવાથી સમગ્ર રાજ્યમાં ભયનો માહોલ છે.

માહિતી મળતા જ ડોક્ટરોની ટીમ ઘટના સ્થળે પહોંચીને સમગ્ર વિસ્તારને એલર્ટ કર્યો છે. ચામાચિડીયાના મૃત્યુ આખરે કેવી રીતે થયા, તેની તપાસ માટે મૃતદેહના નમૂના લેવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરે પણ ઘટનાની તપાસ કરી અને જે વૃક્ષ પાસેથી ચામાચિડીયાના મૃતદેહ મળ્યા તેનાથી દૂર રહેવાની સલાહ આપી છે.

એક સાથે શાળામાં આટલા ચામાચિડીયાના મોતને વહીવટીતંત્રએ ગંભીરતાથી લીધી છે. સમગ્ર રાજ્યમાં નિપાહને લઈને એલર્ટ રહેવાની સલાહ આપી છે. બીમાર બાળકોને શાળાએ ના મોકલવાની સલાહ અપાઈ છે.

સ્કુલની આસપાસ લોકો જણાવે છે કે વૃક્ષ પર કેટલાક વર્ષોથી ચામાચિડીયા રહેતા હતા. ત્યાં બીજી તરફ વન વિભાગના ડીસીએ કહ્યુ કે વિસ્તારમાં કોઈપણ પ્રકારનો વાયરસ ફેલાયેલો નથી. ચામાચિડીયાનું મોત કોઈ પણ સંક્રમણના કારણે થયુ નથી. જોકે સાચી હકીકત પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ આવશે.

કેરળમાં છેલ્લા કેટલાક દિવસથી નિપાહ વાઈરસે હાહાકાર મચાવ્યો છે ત્યારે આવી બીમારી અન્ય રાજ્યમાં ન ફેલાય તે હેતુથી દિલ્હી તેમજ એનસીઆરમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ટ્રેનમાં આવતા મુસાફરો દ્વારા આવી બીમારીનો વ્યાપ ન વધે તે માટે રેલવેએ તેના તબીબોને સતર્ક રહેવા આદેશ આપ્યો છે.

દરમિયાન આ અંગે ડો. વલીએ જણાવ્યુ છે કે નિપાહ વાઈરસ ઝડપથી ફેલાય છે અને મગજમાં ચઢી જાય તો તે જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. તેથી આવી બીમારીને આગળ વધતી રોકવા સ્વચ્છતા રાખવી જરૂરી છે, જેમાં વારંવાર હાથ-પગ ધોવા તેમજ બહારથી ઘરમાં ગયા બાદ હાથ કે પગ ધોયા વિના કોઈ ચીજને સ્પર્શ ન કરવો અને જો આવી બીમારીનાં કોઈ લક્ષણ જોવા મળે તો તરત જ ડોકટરનો સંપર્ક કરવો.

આ ઉપરાંત ખાંસી કે વારંવાર છીંક ખાતા લોકોથી દૂર રહેવું જોઈએ, જોકે હાલ દિલ્હીવાસીઓએ આ બાબતથી ગભરાવાની જરૂર નથી પણ આવી બીમારી અંગે સતર્કતા દાખવવાની અપીલ કરવામાં આવી છે.

## સમયસર..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાકભાજી, ફળ, અનાજ અને કઠોળ જેવી દરેક કોમોડીટીનું ટ્રાન્સપોર્ટેશન થતુ હોઈ તેમાં ભાવો વધશે. ડીઝલના ભાવો વધવાથી દૂધનું પરીવહન કરતા વાહનોના ભાડા વધતા દૂધ મોંઘુ બનશે. અનાજ-શાકભાજીના ભાવો વધતાં કેટરીંગ સર્વિસ મોંઘી બનશે. રેસ્ટોરન્ટમાં જમવાનુ મોંઘુ બનશે. આમ ભાવવધારાનો ધીમો ડોઝ નીમ્ન મધ્યમ વર્ગીય પરિવારને ભીંસી નાંખશે.

અચ્છે દિનની વાતો કરી સત્તા સ્થાને આવેલી મોદી સરકાર હવે તેણે આપેલા વચનો ભુલી ગઈ છે. મોંઘવારી બેકાબુ બનતા પ્રજા લુંટાઈ રહી છે. એક્સાઈઝ ડ્યુટી તથા અન્ય વેરા વધારી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પોતાના ખીસ્સા ભરી રહી છે. જીએસટી લાગુ કરે એક વર્ષ હમણાં થઈ જશે. પરંતુ પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં દાખલ કરાતા નથી. કેન્દ્ર અને રાજ્ય સરકાર તેની સીધી આવક જતી કરવા માંગતી નથી. વિકાસના નામે જાતભાતના ગતકડાં જનતાની માથે થોપી દેનાર સરકાર હવે પેટ્રોલ-ડીઝલના ભાવો મુદ્દે કોઈ ખુલાસો આપી શકે તેમ નથી. જોકે સરકારે એટલુ યાદ રાખવા જેવુ છે કે મોંઘવારીને જો કાબુમાં નહી લાવી શકાય તો આ જ પ્રજાએ ભલભલા ચમરબંધીઓને ઘરનો રસ્તો બતાવી દીધો છે...!

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ